ચરેડી છાપરા વિસ્તારમાં જાહેર શૌચાલય બનાવવામાં આવ્યું છે. જો કે તેની કાળજી યોગ્ય રીતે ન લેવાતા આ જાહેર શૌચાલય ખંડેર હાલતમાં જોવા મળી રહ્યું છે. સુવિધાઓ શરૂ કરાય છે પરંતુ તેની દેખરેખ યોગ્ય રીતે ન કરાતા ટૂંક સમયમાં સુવિધાઓ બિનઉપયોગી બની રહે છે.

માનવધર્મ આશ્રમ મહેસાણા ખાતે પરમ પૂજ્ય જગતજનની શ્રી માતાજી ના જન્મોત્સવ નિમિત્તે ઉત્તર ગુજરાતના ભક્તો દ્વારા ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. સદર પ્રોગ્રામ આશ્રમના પ્રભારી મહાત્મા કેસરી બાઈજી દ્વારા માતાજીના જીવન ચરિત્ર ઉપર સુંદર સત્સંગ તેમજ ભજન આનંદ આપ્યો હતો તેમજ પરમ પૂજ્ય માતાજીને ૫૬ પ્રકારના ભોગ નો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતા

રાષ્ટ્રીય મતદાન જાગૃતિ પોસ્ટર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩

આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે, ત્યારે આઝાદી તો મળી પણ તેને ટકાવી રાખવા રાષ્ટ્રનો પ્રત્યેક મતાધિકારી ફરજીયાતપણે મતદાન કરી રાષ્ટ્રપ્રેમી, રાષ્ટ્રભક્ત, સેવાભાવી, ઉમેદવારો ચૂંટાય તે હેતુથી મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુના માર્ગદર્શન મુજબ વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય મતદાર જાગૃતી પોસ્ટર સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં ટૂંકા સંદેશાઓનો સમાવેશ કરાયો જેવા કે એક મતથી સુસાશન, એક મત હરાવી શકે અને એક મત જીતાડી શકે, મતદાન સાચી રાષ્ટ્ર ભક્તિ, વગેરે સચિત્ર સમજૂતી અપાઈ. આ પોષ્ટર સ્પર્ધામાં જય પંચાલ, અંજલી ચૌધરી, યતિશા ચૌહાણ, ખુશબુ નિસરતા, રેખા ફલોરાએ ભાગ લીધો હતો.

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા મોટી સંખ્યામાં ભાવિ ભક્તો ની ઉપસ્થિતિ માં આનંદનો ગરબો યોજાયો હતો.

આકાશમાંથી અંગારા વરસી રહ્યા છે. દિવસે દિવસે ગરમી ખુબ વધી રહી છે. આવા સમયે ઠંડા પીણા, આઈસક્રીમ અને બરફ ગોળાની ડિમાન્ડ વધે તે સ્વાભાવિક છે. બરફ ગોળાની લારીઓ ઠેર ઠેર શરૂ થઈ ચૂકી છે. ગાંધીનગરાઓ ગરમીમાં રાહત મેળવવા બરફ ગોળાનો સ્વાદ માણી રહ્યા છે. શહેરના મુખ્ય માર્ગોની આસપાસ અને જાહેર સ્થળોએ ઉભી રહેલી બરફ ગોળાની લારીઓ પર માનવ મહેરામણ ઉટ્યો હોય તેવુ લાગે છે.

હોટલ માલિકે વેઈટરો સાથે મળી કલોલ પંચવટી વિસ્તારની મહિલાનું અપહરણ કર્યું

રૂપીયાની જરુરીયાત હોવાથી અપહરણનો પ્લાન ઘડ્યો, પોલીસનો ડર લાગતા મહિલાને છોડી મુકી,

ગાંધીનગર, તા.૩

આજથી ત્રણ દિવસ પહેલા કલોલ પંચવટી વિસ્તારની સરસ્વતી સોસાયટી ખાતે રહેતી ૫૫ વર્ષિય મહિલાના ઘરમાં લુંટ કરવાના ઈરાદે ઘુસી ગયા હતા. પરંતુ ઘરમાંથી કંઈપણ ન મળતા મહિલાના હાથપગ બાંધી ખંડણી માંગવાના બહાને તેણીનું અપહરણ કર્યું હતું. ત્યારે આ અપહરણના ગુનાનો મુખ્ય સુત્રધાર હોટલ માલિક પાડોશીને એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે મોબાઈલ ફોન, એક કાર, સ્કુટર મળી કુલ રૂ.૫.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી સાત શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ પંચવટી વિસ્તારમાં સરસ્વતી સોસાયટી ખાતે રહેતા ૫૫ વર્ષિય અલકાબેન પ્રદિપભાઈ રસ્તોગી બપોરના સમયે ઘરે એકલા હતા. તે સમયે ૬ થી ૭ શખ્સો તેમના ઘરે આવી ગયા હતા. મહિલા કંઈ સમજે તે પહેલા જ શખ્સોએ તેણીના હાથપગ બાંધી દઈને મોંઢામાં ડુચો મારી બંધક બનાવ્યા હતા. પોતાના ઘરમાં જ મહિલાને ત્રણ કલાક સુધી બંધક બનાવીને સાંજના સમયે શખ્સોએ મહિલાને કારમાં બેસાડી અવાવરૂ જગ્યાએ લઈ જઈને બેસાડી રાખ્યા હતા. ત્યારબાદ વહેલી સવારે કારમાં બેસાડી મહિલાને કલોલના બોરીસણા માર્ગ પર છોડી મુક્યા હતા.ત્યારપછી મહિલાએ રાહદારીનો ફોન લઈ પતિને ફોન કરતા તેઓ દોડી પહોંચીને મહિલાને ઘરે લઈ ગયા હતા. ગુનાની ગંભીરતાને ધ્યાને રાખી રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડાની સુચનાથી વિવિધ ટીમો કામે લાગી ગઈ હતી. અપહરણ બાદ મહિલાને ઉતારી દીધા હતા તે સ્થળની આસપાસના તમામ માર્ગના સીસીટીવી ફુટેજ ચેક કરતા ગ્રે કલરની એસ કોર્સ ગાડી શંકાસ્પદ જણાઈ હતી. જેથી પોલીસે કલોલ સરસ્વતી સોસાયટીમાં રહેતા અને અંબિકા હાઈ વે પર એમ્પાયર બિલ્ડીંગમાં તિરૂપતિ હોટલ માલિક મિતુલ મહેશ પટેલનો સંપર્ક કરી એલસીબી કચેરી બોલાવી ગુના અંગે પુછપરછ કરતા આ ગુનો મિતુલ પટેલે હોટલના વેઈટરો તેમજ અન્ય બે વ્યકિત સામે મળી કર્યો હોવાની ચોંકાવનારી કબુલાત કરી હતી. મિતુલ પટેલની હોટલમાં વેઈટર તરીકે નિલેશ રાજવીરસિંગ ઠાકુર, દેવેન્દ્ર, બબલુ અને સૌરભ કામ કરે છે. આઠ દિવસ અગાઉ નિલેશ ઠાકુરે પગાર ઓછો પડતો હોવાની વાત કરી હતી. તો બીજીતરફ મિતુલ પટેલને પણ પૈસાની જરુરીયાત હોવાથી અપહરણનો પ્લાન ઘડ્યો હતો. જયારે એક જ સોસાયટીમાં રહેતા હોવાથી અલકાબેન અને તેમના પતિની ગતિવિધીથી મિતુલ પટેલ સારી રીતે વાકેફ હતો. અપહરણ સમયે હાથ-પગ બાંધવા માટે દોરી, સેલોટેપ, અને ગરમ ટોપી ખરીદી હતી. ગત તા.૩૦ માર્ચના રોજ તમામ ઘરની આસપાસ છુપાઈ ગયા હતા. સોલાર પેનલ રીપેર કરવાના બહાને દરવાજો ખોલાવી એક પછી એક શખ્સો ઘરમાં ઘુસી ગયા હતા. મહિલાને બંધક બનાવી ઘરમાં સામન વેર વિખેર કરી દીધો હતો. આ દરમિયાન મિતુલ પટેલ ગાડી લઈને ઘરની બહાર ઉભા રહ્યા હતા. જો કે ઘરમાંથી કંઈ પણ ન મળતા મહિલાનું અપહરણ કરી ખંડણી માંગવા માટે જાસપુર થઈ વૈષ્ણોદેવી બ્રીજ નીચે થી યુ ટર્ન પરત કલોલ આવીને પંચવટી વિસ્તારમાં આવેલા અભિષેક ફલેટ નજીક અવાવરૂ જગ્યા પર રાખ્યા હતા. ત્યારપછી મિતુલ પટેલ હોટલ પર ગયો હતો ત્યાં તેને જાણવા મળ્યું કે પોલીસ આરોપીઓને શોધી રહી છે.જેથી અલકાબેનને બોરીસણા તરફ જતા માર્ગ પર માણેક પાર્ટી પ્લોટ પાસે ઉતારી દીધા હતા. ખંડણી માટે ફોન કર્યો હતો પરંતુ મહિલાના પતિએ ફોન ઉઠાવ્યો ન હતો. પોલીસે મુખ્ય સુત્રધારા પાડોશી અને હોટલ માલિક મિતુલ પટેલની ધરપકડ કરી બે મોબાઈલ કિં.૫૦,૦૦૦, એસકોસ ગાડી જી.જે.૧૮.બી.એચ.૭૫૩૮, કિં.રૂ.૫ લાખ, તેમજ જયુપીટીર જી.જ.૧૮.ડી.એસ.-૭૬૭૮ કિં.૨૦,૦૦૦, મળી કુલ રૂ.૫.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય આરોપીઓને પકડી પાડવા માટે પોલીસે ગતિવિધી તેજ કરી છે.

ઘ-૭ ફાટક પાસેથી બાવાનું રૂપ ધારણ કરી સોનાના દાગીના પડાવતો શખ્સ ઝડપાયો

એલસીબી પોલીસને શખ્સ પાસેથી સોનાની ચેઈન અને વીંટી મળી આવ્યા, બે ગુનાનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર તેમજ અમદાવાદના વિસ્તારમાં બાવાનું રૂપ ધારણ કરી નાગરીકોને વિશ્વાસમાં લઈને તેઓની નજર ચુકવી સોનાના દાગીના કઢાવી લેનાર ત્રણ શખ્સો પૈકી એક શખ્સને ઘ-૭ જીઈબી રેલ્વે ફાટક નજીકથી એલસીબી-૧ પોલીસે પકડી પાડ્યો છે. આ શખ્સની અંગજડતી દરમિયાન પોલીસને સોનાની વીંટી, તેમજ સોનાની ચેઈન મળી કુલ રૂ.૬૩ હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી બે ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ ડી.એસ.રાઓલ અને કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. તે સમયે હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ તેમજ કોન્સ્ટેબલ ગોંવિદભાઈને બાતમી મળી હતી કે દહેગામના ગણેશપુરા ખાતે રહેતા અનાડીનાથ સેતાનનાથ મદારી તેના સાગરીતો સાથે મળી નાગરીકોને વાતોમાં લઈ વિશ્વાસ કેળવી નજર ચુકવી પૈસા તેમજ દાગીના કઢાવી લેવાની ટેવવાળો છે. જે હાલ ઘ-૭ સર્કલ થી પેથાપુર તરફ જવાના માર્ગ પર જીઈબી રેલ્વે ફાટક નજીક શંકાસ્પદ હાલતમાં ઉભો છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પરથી અનાડીનાથ ઉર્ફે અનુનાથ સેતાનનાથ મદારી ને પકડી પાડ્યો હતો. પોલીસે આ શખ્સની અંગજડતી કરતા તેની પાસેથી સોનાની એક વીંટી તેમજ સોનાની ચેઈન કિં.૬૩ હજારનો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે સોનાના દાગીના અંગે પુછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. જેથી પોલીસે ઉંડાણપુર્વક પુછતાછ કરતા આજથી બે વર્ષ અગાઉ અનાડીનાથે ગામના સાગરીત રાજુનાથ મદારી અને સાગરનાથ મદારી સાથે મળીને બાવાનું રૂપ ધારણ કરી ભાડાની રીક્ષા કરી વિવિધ વિસ્તારમાં ફરતા અને નાગરીકોને વિશ્વાસમાં લઈ તેઓએ પહેરેલા સોનાના દાગીના કાઢી લેતા હતા. આ દાગીના પણ તે રીતે જ ગુનો કરી મેળવેલા હોવાની કબુલાત કરી હતી.

આજથી બે વર્ષ અગાઉ ગાંધીનગર અગોરા મોલ નજીક સોસાયટીમાં કાકાને રોકી તેમને વાતોમાં લઈ અમારી પાસે અગરબત્તી સળગાવી, અત્તર સુંઘાડી કાકાને વિશ્વાસમાં લઈ યુકિત પ્રયુકિતથી કાકાએ પહેરેલ સોનાનો દોરો કઢાવી લીધો હતો. આ સોનાનો દોરો પોતાની પાસે રાખ્યો હતો અને સાગરીતોને પાંચ હજાર રોકડા આપી દીધા હતા. ત્યારબાદ એકાદ માસ પછી તે જ સાગરીતો સાથે મળી રીક્ષા લઈ અમદાવાદ વસ્ત્રાલત વિસ્તારમાં ગયા હતા અને માધવ ફાર્મ નજીક માર્ગની પાસે આવેલી એક સોસાયટની ના મકાનની ઓશરીમાં ઉભા રહેલા કાકાની પાસે જઈ ઉપરોકત એમઓથી કાકાની સોનાની વીંટી કઢાવી દીધી હતી. જયારે સોનાની વીટી પોતાની પાસે રાખી હતી અને સાગરીતોને રોકડા પાંચ હજાર આપી દીધા હતા. જયારે સોનાની ચેઈન અને વીંટી અનાડીનાથ મદારી વેચવા માટે ફરતો હતો તે સમયે પકડાઈ ગયો હતો. પોલીસે રૂ.૬૩ હજારથી વધુના દાગીના કબ્જે કરી આ શખ્સ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના નવા વરાયેલા પ્રમુખ અરવિંદસિંહ સોલંકી ૬ઠ્ઠી એપ્રિલના રોજ ઝુંડાલ ખાતે વિધિવત્ ચાર્જ સંભાળશે.

● ગાંધીનગર શહેર લારી-ગલ્લા યુનિયનના અગ્રણી દિનેશભાઈ ટાંક આજે ભાજપ છોડી વિધિવત્ રીતે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાની ઉપસ્થિતિમાં કોંગ્રેસમાં જોડાયા છે.

● ગાંધીનગર શહેર અને જિલ્લા માલધારી સમાજ દ્વારા આજે વિધાનસભામાં રખડતા પશુઓ અંગે પસાર કરાયેલ વિધેયકના વિરોધમાં કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવશે.

● ગાંધીનગર મહાનગરપાલિકામાં એડવાન્સ ટેક્ષ ભરનારાઓ માટે જુના વિસ્તારમાં ૪ એપ્રિલથી અને નવા વિસ્તારમાં ૫ એપ્રિલથી ૧૦ ટકા વળતર યોજનાનો આરંભ થશે.

● ગાંધીનગર સહિત ૧૨ જિલ્લામાં આજે હીટવેવની આગાહી હવામાન વિભાગે કરી છે. તાપમાનનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે.

● ગાંધીનગર શહેર ભાજપ દ્વારા આજે તમામ વોર્ડમાં ટિફિન બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● ગાંધીનગર મનપાના મેયર હિતેશ મકવાણા આજે રાંધેજા ખાતે જે.એસ. પટેલ વિદ્યામંદિર ખાતે સફાઈ અભિયાનમાં કાર્યકરો સાથે જોડાયા હતા.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● મહારાષ્ટ્ર ભવન સે. ૨૧ ખાતે ગુડી પડવાની ઉજવણી કરાઈ હતી તો સે. ૬ શાકમાર્કેટ ખાતે ચેટીચાંદની ઉજવણી કરવામાં આવી હતી.

ચ માર્ગ મોંઘીદાટ કાર ઝાડ સાથે ભટકાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના ચ માર્ગ પર પુરપાટ ઝડપે પસાર થઈ રહેલી ઓડી કારના ચાલકે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા કાર ફાયર બિગ્રેડની સામે ઝાડ સાથે ભટકાઈ હતી. આ અકસ્માતમાં કારના આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો.જયારે કારમાં સવાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતને પગલે રાહદારીઓ મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા.

આજે રખડતાં ઢોર નિયંત્રણ કાયદાના વિરોધમાં પશુપાલકો આવેદન પત્ર આપશે

સત્યાગ્રહ છાવણી ખાતે એકઠાં થવા પશુપાલકોને ગુજરાત માલધારી મહાપંચાયતનું આહવાન

ગાંધીનગર, તા.૩

ગુજરાત વિધાનસભામાં રખડતા ઢોર મામલે વિધાનસભામાં ખરડો પસાર કરવામાં આવતાં માલધારી સમાજમાં આક્રોશ પ્રસર્યો છે. આ કાયદાને પરત ખેંચવા માટે માલધારીઓ તાજેતરમાં ગુજરાત માલધારી પંચાયતના નેજા હેઠળ ગાંધીનગરના ટીટોડા ખાતે માલધારી સમાજની બેઠક યોજી હતી જેમાં નિયત કરાયાં મુજબ આવતીકાલે તા.૪થી એપ્રિલ સોમવારે સવારે ૧૧ કલાકે સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે એકઠાં થઈને જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવા જશે.

ગાંધીનગરના યુવા માલધારી અગ્રણી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે 'સરકારે પસાર કરેલા કાળા કાયદા અનુસાર શહેરી વિસ્તારોમાં ઢોર રાખવા માટે પશુપાલકે લાઈસન્સ લેવું પડશે તેમજ મંજૂરીથી રાખેલા તમામ ઢોરને ટેગ લગાવવા પડશે તેમજ તેમ કરાવામાં ચુક થશે તો કે શહેરી વિસ્તારમાં ઢોર રખડતું મળશે તો આકરો દંડ ભોગવવો પડશે.

સરકારે પશુપાલકોને કોઈપણ સુવિધા આપ્યાં વગર કે માલધારી સમાજના આગેવાનો સાથે ચર્ચા કર્યા સિવાય જ વિધેયક પસાર કર્યું છે. વિધાનસભાની ચૂંટણી વહેલી યોજવી હોવાથી સરકાર અને ભાજપ નાગરિકોને ગેરમાર્ગે દોરી રહી છે.' સોમવારે માલધારી સમાજ મોટી સંખ્યામાં એકત્ર થઈને કાયદાનો વિરોધ કરશે અને આ કાયદો પાછો ખેંચવા કલેક્ટરને આવેદનપત્ર આપશે.

મોટા ચિલોડા ખાતે સુન્દરમ ચેરીટેબલ ટ્રસ્ટ ડૉ. પાટીલ આંખની હોસ્પિટલનો શુભારંભ

ચિલોડા, તા. ૩

ગાંધીનગર જિલ્લાના મોટા ચિલોડા ખાતે પ્રમુખ ઈલાઈટ સુંદરમ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત પાટીલ આંખ હોસ્પિટલના ઉદ્ઘાટન સમારોહમાં ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે શુભારંભ થયો. આ પ્રસંગે સાંસદ ભરતસિંહ ડાભી, જિલ્લા પંચાયતના પ્રમુખ દિલિપભાઈ પટેલ, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન ઠાકોર, પૂર્વ સદસ્ય લલિતસિંહ ઠાકોર, એસ.પી. ઠાકોર, આઈ.બી. વાઘેલા, ગુજરાતી ફિલ્મ કલાકાર વિક્રમ ઠાકોર, ચિલોડાના સરપંચ જયમીનભાઈ પટેલ, પૂર્વ સરપંચ દિનેશભાઈ પટેલ, મંડળીના ચેરમેન રમણભાઈ પટેલ તેમજ હોસ્પિટલના ચેરમેન ડૉ. પ્રણવકુમાર દિક્ષિત, ડાયરેક્ટર જયંતિભાઈ પટેલ, સંજયજી ઠાકોર, નટુભાઈ પટેલ પત્રકાર, ડૉક્ટરની ટીમ શુભેચ્છકો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે પી.એમ.જે.વાય. યોજનાના ૫૫ જેટલા લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડ વિતરણ કરવામાં આવ્યું. લલિતસિંહે પ્રાસંગિક ઉદ્બોધનમાં ગરીબ જનતાની સેવા અર્થે ખૂબ સારી તબીબી સેવાઓ પ્રદાન કરવા આયોજકોને બિરદાવ્યા હતા. મોટી સંખ્યામાં ગ્રામજનો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમમાં ઉદ્બોધક તરીકે નટુભાઈ પટેલે ભૂમિકા ભજવી હતી. અંતમાં આભારવિધિ દિનેશભાઈ પટેલે કરી હતી.

ચિલોડા-ડભોડા પ્રાથમિક શાળામાં પરીક્ષા પે ચર્ચા અદ્ભૂત કાર્યક્રમ નિહાળ્યો

ચિલોડા, તા. ૩

નવી શિક્ષણનીતિને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ થકી તેમજ નવીન શિક્ષણ પદ્ધતિ, શૈક્ષણિક નવીનત પ્રયોગો, સંશાધનો, સંશોધનોથી દરેક વિદ્યાર્થીને પોતાનુ ઉત્તમ કેરિયર બનાવવામાં આત્મવિશ્વાસ કેળવવા અને શિક્ષણ જાગરૂકતાથી તૈયાર થાય તેવા ઉમદા હેતુથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે પરીક્ષા વાંચ્છુક વિદ્યાર્થીઓને પરીક્ષા પે ચર્ચા કે પરીક્ષા કી બાત પરનો અદ્ભૂત કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતો આ વિશિષ્ટ કાર્યક્રમ વંદે-૧ ગુજરાત ચેનલ પર ૧૧ વાગે ચિલોડા પ્રાથમિક શાળા અને ડભોડા તાલુકા શાળા ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિલોડા પ્રાથમિક શાળાના ધો. ૮ના વિદ્યાર્થીઓ, આચાર્ય હર્ષદભાઈ પટેલ, શિક્ષણવિદ્ નટુભાઈ પટેલ, અગ્રણી જયમીનભાઈ પટેલ, રંકિતભાઈ પટેલ, રમાબેન તથા ફાલ્ગુનીબેને શિક્ષિકાની પ્રેરક ઉપસ્થિતિ રહેવા પામી હતી.

જ્યારે ડભોડા તાલુકા શાળા ખાતે પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં લલિતસિંહ ઠાકોર, સરપંચ ભુપતસિંહ ઠાકોર, પૂર્વ આચાર્ય મીઠાભાઈ પટેલ, વર્તમાન આચાર્ય ખાંટ સાહેબ, શિક્ષકો તથા વિદ્યાર્થીઓની પ્રેરક ઉપસ્થિતિમાં રસપૂર્વક કાર્યક્રમ માણવાનો અદ્ભૂત લ્હાવો લીધો હતો.